## ગાંધી નિર્વાણ દિને દાંડીકુટીરથી અમદાવાદ લઈ જતા મહાત્મા ગાંધીજીના ટેબ્લોને હજ્જારો નાગરીકોની શ્રદ્ધાંજલિ




ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતે આવેલ દાંડી કુટીર મ્યુઝીયમ દ્વારા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પૂજ્ય મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે સુંદર ટેબ્લો તૈયાર કરવામાં આવ્યો હતો. આ ટેબ્લાને દાંડીકુટીરથી ગ-૪, ગ-૫, ચ-૫ થઈ ચ-માર્ગ પર થઈને કોબા, વિસત પેટ્રોલ પંપ, ગાંધી આશ્રમ, ઈન્કમટેક્ષ થઈ કોચરબ આશ્રમ પાલડી ખાતે લઈ જવામાં આવ્યો હતો. ત્યારે ગાંધીનગરથી અમદાવાદ સુધીના સમગ્ર રૂટમાં પૂજ્ય બાપુની પ્રતિમાને નાગરીકોએ પુષ્પો અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જ્યારે પાલડી મ્યુનિસિપલ શાળાના વિદ્યાર્થીઓએ પણ પુષ્પો અર્પણ કરી મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી હતી.

### શહેરની કેટલીક નેશનલ કોલેજોના વિદ્યાર્થીઓ ચરસ-ગાંજાના રવાડે

# ચોરીછુપીથી ગાંજાનો કસ મારતા ચાર વિદ્યાર્થી પકડાયા..!

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર આસપાસ સ્થિત કેટલીક રાષ્ટ્રીય કક્ષાની ખાનગી હાઈફાઈ કોલેજોમાં અભ્યાસ કરતા કેટલાક હાઈ પ્રોફાઈલ વિદ્યાર્થીઓ ચરસ-ગાંજા જેવા પ્રતિબંધીત નશાના રવાડે ચઢી ગયા હોવાનું જાણવા મળ્યું છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રવિવારે રાત્રે એક કોલેજમાં ચોરી છુપે ગાર્ડનમાં જઈ હોસ્ટેલના ચાર વિદ્યાર્થીઓ ગાંજાના કસ ખેંચતા પકડાઈ ગયા હતા. કોલેજની કમીટીએ ચારેયની પુછતાછ કરતા કમીટી પણ ચોંકી ઉઠ છે. પકડાયેલા વિદ્યાર્થીઓએ તેમના સિવાય ગાંજાના સુટ્ટા મારતા અન્ય ૩૦ જેટલા વિદ્યાર્થીઓની યાદી કમીટી મેમ્બર્સને થપાવી દેતા કોલેજ સંચાલકો પણ સ્તબ્ધ થઈ ગયા છે. જો કે આ મામલાને અંદરોઅંદર કોલેજ સંકુલમાં જ દબાવી દઈ પોલીસને ભનક પણ આવવા દીધી ન હોવાનુ જાણવા મળ્યું છે.

**મધરાત્રે ગાંજાના સુટ્ટા મારતા પકડાયેલા ચાર વિદ્યાર્થીઓની પુછતાછમાં કોલેજની કમીટી ચોંકી ઉઠી ગાંજો પીતા અન્ય ૩૦ વિદ્યાર્થીઓની યાદી થપાવી**

આધારભુત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રવિવારે રાત્રે ગાંધીનગર નજીક આવેલી એક હાઈફાઈ ખાનગી કોલેજમાં ગાંજાનો કસ મારતા ચાર વિદ્યાર્થીઓની હોસ્ટેલના સંચાલકે પકડી પાડ્યા હતા. રાત્રે ચાર વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસના ગાર્ડનમાં જઈને સિગારેટ ખાલી કરી તેમા ગાંજા જેવુ કેફી દ્રવ્ય ભરીને ''દમ મારો દમ'' કરી રહ્યા હતા. હોસ્ટેલના સ્ટાફે ચારેય વિદ્યાર્થીઓને રંગેહાથ પકડી પાડતા સંકુલમાં સન્નાટો ફેલાઈ જવા પામ્યો છે. ગઈકાલે આ મામલો કોલેજના હેડ સુધી પહોંચ્યો હતો અને આ એક કમીટી બનાવીને કોણ કોણ આ રવાડે ચઢ્યું છે તેની તપાસ કરવા જણાવ્યુ હતુ. જો કે આ ચાર વિદ્યાર્થીઓને રસ્ટ્રીકેટ કરવા સુધી મામલો પહોંચ્યો હતો પરંતુ કોલેજની બદનામી થવાના ડરે આ નિર્ણય ન લેવાયો હોવાનું બિન સત્તાવાર રીતે જાણવા મળ્યુ છે. કોલેજની કમીટીએ પકડાયેલા ચારેય વિદ્યાર્થીઓની પુછપરછ શરૂ કરી તો કમીટી મેમ્બરની પણ આંખો ચાર થઈ ગઈ હતી. ચાર વિદ્યાર્થીઓને પુછ્યુ કે તમારી સાથે બીજા કોણ કોણ આ નશાના રવાડે ચઢ્યું છે તો પકડાયેલા વિદ્યાર્થીઓએ બીજા ૩૦ જેટલા વિદ્યાર્થીઓના નામની યાદી થપાવી દેતા કમીટી ચોંકી ગઈ હતી. જો કે આ મામલાને દબાવી દેતા પોલીસ કેસ થવા પામ્યો ન હોવાનુ જાણવા મળ્યુ છે. તો બીજી તરફ આ વિદ્યાર્થીઓને ગાંજા-ચરસ જેવા નશીલા પદાર્થો આટલી સરળતાથી મળી ક્યાંથી રહે છે ? તે અંગે પોલીસે પણ તપાસ કરવાની આવશ્યકતા ઉભી થવા પામી છે.

## સે. ૨૪નો શહેરી પછાત વિસ્તારમાં સમાવેશ કરી ૧ કરોડની ગ્રાન્ટ ફાળવો : બારોટ

ગાંધીનગર, તા. ૩૧

કોંગ્રેસના યુવા કાઉન્સીલર અંકીત બારોટે વોર્ડ નં. ૪માં સમાવિષ્ટ સે. ૨૪નો શહેરી પછાત વિસ્તારમાં સમાવેશ કરી અલગથી રૂ. ૧ કરોડની ખાસ ગ્રાન્ટ ફાળવવા માંગ કરી છે.

બારોટે ૩જી ફેબ્રુઆરીએ મ્યુનિ. કમિશનરશ્રી તેમનું દ્વિતીય ડ્રાફ્ટ બજેટ રજુ કરવા જઈ રહ્યા છે તેમાં આ મુદ્દાનો સમાવેશ કરે તે માટે રહીશોની સહિઓ સાથેનો એક પત્ર પણ પાઠવ્યો છે.

બારોટે પાઠવેલા પત્રમાં જણાવ્યુ છે કે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર સે. ૨૪ સૌથી ગીચ વસતી ધરાવતો વિસ્તાર છે, જેમાં મોટા ભાગે શ્રમજીવી અને નાના વેપાર ધંધા કરી ગુજરાન કરતા નાગરીકો વસવાટ કરે છે, આ વિસ્તાર વર્ષોથી વિકાસથી વંચિત છે, ખરેખર છેવાડાના નાગરિકોનો વિકાસ કરવો હોય તો આ વિસ્તારનો વિકાસ મહત્વપૂર્ણ છે તેમ પણ બારોટે તેમના પત્રમાં જણાવ્યું છે.

ટુંક સમયમાં વર્ષ ૨૦૧૭-૧૮નું બજેટ ગાંધીનગર મહાનગરપાલિકામાં રજુ કરવાનું છે, ભૂતકાળમાં ગ્રામ્ય વિસ્તાર માટે અલાયદી ગ્રાન્ટ ફાળવી છે, જેથી ગ્રામ્ય વિસ્તારનો વિકાસ થઈ શકે, જેથી આ વખતના બજેટમાં સેક્ટર-૨૪ને 'શહેરી પછાત વિસ્તાર'માં સમાવિષ્ટ કરી રૂ. ૧ કરોડની ગ્રાન્ટ ફાળવવા હું ખાસ માંગણી કરૂ છુ.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**પિતાજી... હું ફેઈલ થયો તેનો અફશોસ ન કરો... ટ્રમ્પનાં આવ્યા બાદ અમેરીકામાં જઈ ભણીને નોબલ પ્રાીઝ મળે તેવા કોઈ સ્કોપ નથી રહ્યા...!!**

## કેન્દ્રીય ટીમે સે. ૨, ૭, ૨૧ અને ૩૦ ઉપરાંત ડમ્પીંગ સાઈટની પણ મુલાકાત લીધી

### વર્મી કમ્પોઝ પ્રોજેક્ટ અને મુક્તિધામ નિહાળી ખુશી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્વચ્છતા સહિતની કામગીરીની ચકાસણી માટે આવેલ કેન્દ્રીય ટીમે આજે ડમ્પીંગ સાઈટ ઉપરાંત સે. ૨, ૭, ૨૧ અને ૩૦ના રહેણાંક તેમજ વાણિજ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ટીમે આજે સે. ૨૧માં વર્મીકમ્પોઝ પ્લાન્ટ પ્રોજેક્ટ જે ચાલે છે તેની પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં બનાવવામાં આવેલ શુલભ શૌચાલયોની પણ ચકાસણી કરી હતી.

આ ટીમ સમક્ષ મનપા દ્વારા આજે વિવિધ કામગીરી અને યોજનાઓ અંગેનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ. મળતી વિગતો પ્રમાણે ટીમ આજે સાંજે દિલ્હી જવા રવાના થઈ હતી.

ટીમે મુક્તિધામની મુલાકાત પણ લઈ અને ત્યાંની સેવાઓ અંગે પ્રસન્નતા વ્યક્ત કરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે હવે આ ટીમ પોતાનો અહેવાલ કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલયને આપશે અને તે પછી રાજ્ય સરકાર પાસેથી આવેથી મનપાને ત્રુટીઓની જાણ કરવામાં આવશે.

સ્વચ્છતા અંગે પણ આગામી માર્ચમાં વધુ એક ટીમ આવશે તેમ તંત્રના સૂત્રોનું માનવુ છે. આજે ટીમે કમિશનર સાથે પણ બેઠક કરી અને ખુબ ઉંડાણથી ચર્ચાઓ કરી હોવાનું જાણવા મળેલ છે.

## ગાંધીનગર ગિફ્ટ સિટીમાં મલ્ટી કોમોડિટી એકસચેન્જનો પ્રારંભ

### ગુજરાતની ભૂમિમાં રૂપિયો વાવી ડોલર લણવાની ક્ષમતા છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત દેશના મેન્યુફેકચરીંગ હબ સાથે હવે દેશમાં નવા આર્થિક ગતિવિધિના કેન્દ્રના રૂપમાં ઉભરી રહ્યું હોવાનો વિશ્વાસ આવકારતાં તેમણે ઉમેર્યુ કે, ગિફ્ટ સિટીને ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ હબ બનાવવાની સંકલ્પના સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી કાળ દરમ્યાન ઊભું કરેલું બેન્કો જેવી પ્રવૃતિઓનું ગતિવિધિ કેન્દ્ર બનતાં ૧૦ લાખ યુવાઓને રોજગારી આવનારા દિવસોમાં આપશે તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

કાર્યકારી મુખ્યસચિવ પી. કે. તનેજાએ એમસીએક્સના આ નવા




વ્યકત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાત એવી ઊર્વરાભૂમિ છે જ્યાં રૂપિયો વાવીને ડોલર લણવાની ક્ષમતા છે. વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં મલ્ટિ કોમોડિટી એકસચેન્જ એમસીએક્સના નવા કાર્યાલયનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ મલ્ટિ કોમોડિટી એકસચેન્જને ગુજરાતમાં આ સંકુલ હવે વૈશ્વિક પ્રતિષ્ઠા મેળવી ચુકયું છે. એણસીએક્સનું આગમન નવું સિમાચિન્હ પ્રસ્થાપિત કરશે તથા સ્થાનિક યુવાઓને તેના ટ્રેનિંગ સેન્ટરમાં કોમોડિટી ટ્રેડિંગની તાલીમ આપીને રોજગાર અવસરો આપશે.

તેમણે ગિફ્ટ સિટી સંકુલ સમગ્રતયા ફાયનાન્સીયલ સેકટર, બીપીઓ, કેપીઓ, શેર ટ્રેડિંગ-કોમોડિટી એકસચેન્જ, રાષ્ટ્રીયકૃત કાર્યારંભને શુભેચ્છાઓ પાઠવી હતી.

એમસીએક્સ અધ્યક્ષ સૌરભ ચન્દ્રાએ રાજ્ય સરકારના તથા ગિફ્ટ સિટીના સહયોગની પ્રસંશા કરી હતી. તેમણે પ્રધાનમંત્રીના દ્રષ્ટિવંત આયોજનમાં ગુજરાત વૈશ્વિક ફાયનાન્સીયલ હબ બની રહ્યું છે તેમાં એમસીએક્સનું યોગદાન પણ સતત રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

## સે-૭ સ્થિત તેજ આઈ સેન્ટર દ્વારા ગરીબો માટે ચશ્માની જુની ફ્રેમ એકત્ર કરવાની ઝુંબેશ

શહેરના નામાંકિત અને સેવાભાવી આંખનાં ડોકટર તેજલ દલાલ દ્વારા સમગ્ર શહેર અને જિલ્લાના વિસ્તારોમાં વિના મુલ્યે આંખોને વધુ નુકસાન થતું અટકાવવા મફત ચશ્મા પુરાં પાડવાનો વિચાર, આંખની સારવાર ઉપરાતં કાર્ય તરીકે આવ્યો અને તે માટે શહેરના તમામ અને ઉપસ્થિતિ સાથે અન્ય સેવાભાવી નગરજનો સાથે એક મિટીંગનું તાજેતરમાં આયોજન કર્યું હતું. જેમાં ઉપસ્થિત સહુ સેવા કરવાની તત્પરતા



ગરીબોને જરૂરિયાતમંદોને આંખની સારવારના કેમ્પોનું અવારનવાર આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ડૉ. તેજલબેનને એ પણ ધ્યાને આવ્યું છે કે દર સો બાળકોએ લગભગ ૩૦ બાળકોને બંને આંખો અથવા તો એક આંખ નબળી હોવાથી નાગિરકોને પોતાની પાસે રહેલી જૂના ચશ્માની ફ્રેમના સદઉપયોગ માટે અપીલ કરી અને તે એકત્ર કરવા ઝુંબેશ ઉઠાવવા માટ સેવાભાવી નાગરિકો સર્વશ્રી લતાબેન ચોકસી, સ્મિતાબેન જહા, સુધીરભાઈ દેસાઈ અને કિશોર જીકાદરાના સહયોગ ધરાવતા નાગરિકોએ જૂનાં ચશ્માની ફ્રેમ એકત્ર કરી તેજ આઈ સેન્ટરનાં આ ઉમદાકાર્યમાં પોતાનું યોગદાન આપવાની તૈયારી બતાવી હતી અને સમાજના વધુમાં વધુ લોકોને આ કાર્યમાં શકય સહકાર આપવાની અપીલ કરવા આહ્વાન કર્યું હતું.

## "મનના મોરપિચ્છ" એક જ પરિવારના ત્રણ પેઢીના સહિયારા સર્જનનું પુસ્તક

ગાંધીનગર, તા. ૩૧

"મનના મોરપિચ્છ" પુસ્તક એ પાલનપુરના ડૉ. દર્શન શાહના પરિવારના ત્રણ પેઢીનું સહિયારૂ સર્જન છે. આ પુસ્તકનું વિમોચન રવિવારે મુંબઈના ગોરેગાંવ સ્પોર્ટસ કલબ ખાતે કરવામાં આવ્યું.

અનિલાબેન શાહની અછાંદસ રચનાઓ સાથે જીવનને માણવાની વાતો, ડૉ. દર્શન શાહની કલાત્મક



તસવીરો અને માત્ર વીસ વર્ષની મેડિકલ સ્ટુડન્ટ આસ્થા શાહના બ્લૉગ સાથે આ પુસ્તક બન્યું છે. એક જ પુસ્તકમાં માતા-પુત્ર-પૌત્રી એમ ત્રણ પેઢીના સર્જનનો સુભગ સમન્વય રચાયો છે.

મુંબઈમાં યોજાયેલા વિમોચન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પુલક ત્રિવેદી સહિત પ્રેસ અકાદમી અને અતિથી વિશેષ તરીકે સંજય થોરાત, મંત્રી ગાંધીનગર સાહિત્ય સભા હાજર રહ્યા હતા. આનંદની વાત એ છે કે આ પુસ્તકની સમજ ડૉ. કનૈયાલાલ ભટ્ટ, પુસ્તકના સર્જન વિશે સંજય થોરાત, પ્રતિભાવ ડૉ. મુકેશ જોષી અને પુસ્તકનો અર્ક પુલક ત્રિવેદી બધાંજ ગાંધીનગરના છે.

પુસ્તક વિમોચન વખતે આસ્થાએ એના બ્લૉગ, જ્યારે અનિલાબેન 'અભિવ્યક્તિ જીવન સફરની..' કાવ્ય રજુ કર્યુ હતુ. સંજય થોરાતે ત્રણેય સર્જકોની શૈલીનું વર્ણન કરી ત્રણ પેઢી બે પૂંઠા વચ્ચે સંયુક્ત કુટુંબની જેમ પેક થવા માટે વિશેષ અભિનંદન આપ્યા હતા. ડૉ. દર્શન શાહ એમની તસવીર કલા માટે પ્રખ્યાત છે. જેઓ માર્ચ મહિનામાં અમેરિકા તસવીર પ્રદર્શન માટે જઈ રહ્યાં છે. એમને પણ પુલક ત્રિવેદીએ બિરદાવ્યા હતા.

એક જ પરિવારનો ત્રણ પેઢી જ્યારે સંયુક્ત સર્જન કરે ત્યારે આનંદ અનુભવાય છે. 'મનના મોરપિચ્છ' સંબંધોને સુંવાળો સ્પર્શ સાથે એટલી હદે આકર્ષક અને વાંચનાલાયક બન્યું છે.

## આજે દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામે સેવાસેતું કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાનો સેવાસેતું કાર્યક્રમ ૧ ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ વાસણા રાઠોડ ગામે યોજાશે. આ સેવાસેતું કાર્યક્રમાં વાસણા રાઠોડ, હરસોલી, વટવા,જીવાજીની મુવાડી, ઝાંક, જલુન્દ્રામોટા, કડાદરા, કરોલી રામનગર, મોરાલી મોટી ગામના અરજદારોના વ્યકિતલક્ષી પ્રશ્નો અને રજુઆતોનો ઝડપી ઉકેલ કરાશે.

## મુસ્લિમ રાષ્ટ્રીય મંચના ગાંધીનગર જિલ્લાના સંયોજક તરીકે મહંમદ ઈસ્માઈલ ભગતની નિમણુંક

ગાંધીનગર, તા.૩૧

આણંદ ખાતે તાજેતરમાં મુસ્લિમ રાષ્ટ્રીય મંચની કારોબારીની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે સમગ્ર રાજયભરમાંથી હજ્જારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સંગઠન દ્વારા મુસ્લિમ સમાજના બાળકોના ભણતર, રાષ્ટ્ર પ્રેમ અને દેશ હિતના કાર્યો કરવામાં આવે છે. આ સંગઠનનો ગુજરાતભરમાં વ્યાપ વધારવા માટે રાષ્ટ્રીય સંયોજક અફઝલખાન અને ગુજરાત પ્રદેશના સંયોજક સલીમખાન પઠાણ દ્વારા વિવિધ જિલ્લાના સંયોજકની નિમણુંકો કરવામાં



આવી છે ત્યારે ઉત્તર ગુજરાત ઝોન પ્રભારી અબ્દુલભાઈ ફકીર જવાબદારી નિભાવી રહ્યા છે.

રાષ્ટ્રીય મુસ્લિમ મંચના ગાંધીનગર જિલ્લાના સંયોજક તરીકે મહંમદ ઈસ્માઈલ બિસ્મીલ્લાખાન પઠાણ (ભગત)ની નિમણુંક કરવામાં આવી છે. આ પ્રસંગે મહંમદ ઈસ્માઈલે જણાવ્યું હતું કે જિલ્લાના બાળકોના ભણતર અને ઘડતર પર વિશેષ ભાર મુકવામાં આવશે. તેઓની પસંદગીથી તેમના પરિવાર અને મિત્રોમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે.

## ગાંધીનગર ખાતે યોજાયેલ મહિલા સંમેલનમાં નવા ચૂંટાયેલ મહિલા સરપંચોનું સન્માન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયત આયોજિત તથા સંકલિત બાળ વિકાસ યોજના અને મહિલા સશકિતકરણ સંમેલનમાં ગાંધીનગર જિલ્લાની વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલા સંમેલનનું દીપ પ્રગટાવી ઉદઘાટન વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે કર્યુ હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર અને જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈની ઉપસ્થિતિમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે સામાજિક ક્ષેત્રમાં સ્ત્રીઓનું આગવું સ્થાન છે. સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓ જાગૃત બની પોતાની મહત્વની ભૂમિકા નિભાવશે તો રાજય સરકારના બેટી-બચાવો બેટી પઢાવો, સ્વચ્છતા અભિયાન સહિતના સ્ત્રી સશકિતકરણના કાર્યક્રમોમાં ફળદાયી પરિમાણો પ્રાપ્ત થશે. સ્થાનિક સ્વરાજની પંચાયતની ચૂટણીઓમાં પણ મહિલાઓ માટે અનામત બેઠકો રાજય સરકારે ફાળવીને મહિલાઓને પ્રાધાન્ય આપ્યું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યું હતું કે નવી ચૂંટાયેલ મહિલા સરંપચો ગ્રામ પંચાયતનો વહીવટ કાર્યક્ષમતાથી નિભાવે અને માર્ગદર્શન મળી રહે



તે માટે જિલ્લા પંચાયત દ્વારા તાલીમ વર્ગોનું આયોજન કરાશે.

જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈએ જણાવ્યું હતું કે મહિલાઓ પોતાનું આત્મ સન્માન અને ગૌરવની જાળવણી માટે વધુ જાગ્રત બને અને બેટી બચાવો અભિયાનની સામાજિક ચળવળમાં પોતાનું યોગદાન આપી અન્ય મહિલાઓને પણ જાગૃત કરી સામાજિક દાયિત્વ અદા કરે.

આ પ્રસંગે ૧૬ જેટલી મહિલા સરપંચોનું સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર છાયાબેન ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કર્યું હતું. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતકુમાર પટેલ, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, જિલ્લા સદસ્ય જયેશભાઈ ચૌધરી સહિત જિલ્લા-તાલુકા પંચાયતના પદાકારીઓ અને વિશાળ સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## ઉવારસદ ગામે સેવાસેતુ કાર્યક્રમમાં ૨૩૯૭ રજૂઆતોનો નિકાલ

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોરે ઉપસ્થિત રહી અરજદારો માટે ઉભી કરાયેલ વ્યવસ્થા નિહાળી હતી. પોતાના વ્યકિતલક્ષી પ્રશ્નો અને રજૂઆતો માટે આવેલ ગ્રામજનોને મળીને વિસ્તૃત માહિતી મેળવી હતી. આ પ્રસંગે શ્રી શંભુજી ઠાકોરના હસ્તે મા અમૃતમ કાર્ડ, સીનીયર સીટીઝન પ્રમાણપત્રનું લાભાર્થીઓને વિતરણ કર્યું હતું. ઉવારસદ ખાતે મેડીકલ અને આર્યુવેદ કેમ્પનો લાભ પણ લાભાર્થીઓએ લીધો હતો. ઉવારસદ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૦ ગામના લાભાર્થીઓ વિશાળ સંખ્યામાં આવ્યા હતા. આ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ ૨૩૯૭ વ્યકિતલક્ષી રજૂઆતોનો નિકાલ કરાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર મામલતદારશ્રી એ.કે. જોષી સહિત વિવિધ વિભાગોના અધીકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.